કેસ રજુ થતા તા. :- ૨૦/૦૧/૧૯૯૫

કેસ રજી. નોંધ્યા તા. :- ૨૦/૦૧/૧૯૯૫

કેસ ફેંસલ થયા તા. :- ૧૨/૦૬/૨૦૨૫

**સમયગાળો :- વર્ષ-૩૦ માસ-૦૩ દિવસ-૨૬**

**મે. ત્રીજા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ(કોર્ટ નં.૧૭) સમક્ષ, અમદાવાદ શહેર.**

ક્રિમિનલ કેસ નંબર. : ૨૫૩/૧૯૯૫
આંક:-

**ફરિયાદી....** શ્રી સરકાર

**વિરૂઘ્ધ**

**આરોપી....** **ગોવિંદભાઈ જોઈતારામ પટેલ**, ઉ.વ.૩૫,
રહે. ૪/૨, બીમાનગર, સેટેલાઈટ રોડ, સેટેલાઈટ
પો.સ્ટે. સામે, અમદાવાદ.

**ગુનો :-** ઈ.પી.કો.કલમ-૪૦૬, ૪૨૦ મુજબ.

**વકીલશ્રીઓ:-**
ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એમ.આર. બારોટ
બચાવપક્ષે વિ.વ.શ્રી

**-: ચુ કા દો :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૦૫/૧૯૯૪ થી ૨૮/૦૮/૧૯૯૪ સુધીના સમયગાળામાં ફરીયાદીની સાંકળી શેરી માણેક ચોકમાં ઓફીસે આવી ફરીયાદીને રૂા. ૯૩,૭૫૧/- નો એકીસાથે કેમીકલ્સના માલનો ઓર્ડર આપી માલ લઈ જઈ પોતાના ઉપયોગમાં વાપરી રૂા.૬૦,૩૫૧/- આપી બાકીના માલના સાહેદ નં.૩,

૪ પાસે ચેકો લખાવેલ જે ચેકો આરોપીને ફરીયાદી સાથે લેવડ-દેવડ પતી ગયેલ છે તેવું સાહેદોને જણાવી સાહેદ નં.૩, ૪ નાએ પોતાના ખાતામાં બેલેન્સ નહીં હોવાનું આરોપીને જાણ કરવા છતાં સાહેદોએ ચેકો પરત નહીં આપી તેજ ચેકો રૂા.૩૩,૪૦૦/- ખોટા ચેકો ફરીયાદીને આપતા ફરીયાદીએ પોતાના એકાઉન્ટમાં ભરતા બેલેન્સ નહીં હોઈ આરોપીના સામેલ ચેકો પરત આવતા ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરી ઈ.પી. કોડની કલમ-૪૦૬, ૪૨૦ મુજબનો ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદ ફરીયાદી એ આરોપી વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદ આધારે તપાસનીશ અધિકારીશ્રી નાઓએ કાયદેસરની તપાસ કરતા આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૩) આ કામના આરોપીને અત્રેની અદાલત ધ્વારા અવાર-નવાર સમન્સ/વોરંટ કાઢવામાં આવતા આ કામના આરોપી જણાવેલ સરનામે મળી આવતા ન હોય સદર કેસની કાર્યવાહી આરોપીની ગેરહાજરીમાં આગળ ચલાવવાનો ક્રિ.પ્રો.કોડની કલમ-૨૯૯ હેઠળ હુકમ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ આ કામે સાહેદ કૌશિકભાઈ કૃષ્ણશંકર પંડયાને તપાસવામાં આવેલ છે. ત્યારબાદ સદર કેસ આશરે ૨૯ વર્ષ જુનુ હોય આ કામના અન્ય સાહેદો મળી આવતા ન હોય તેમજ વળી, આરોપી પણ મળી આવતા ન હોય સદર કેસ એ જ સ્થિતીમાં મુકી રાખવાથી ન્યાયનો હેતુ સર આવે તેમ ન હોય ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

– સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદી કે અન્ય સાહેદો મળી આવતા ન હોય તેમજ આરોપી મળી આવતા ન હોય ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસના આખરી નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુ દ્દા ઓ :–**

: ૧ : શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પૂરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૦૫/૧૯૯૪ થી ૨૮/૦૮/૧૯૯૪ સુધી ના સમયગાળામાં ફરીયાદીની સાંકળી શેરી માણેક ચોકમાં ઓફીસે આવી ફરીયાદીને રૂા.૯૩,૭૫૧/– નો એકીસાથે કેમીકલ્સના માલનો ઓર્ડર આપી માલ લઈ જઈ પોતાના ઉપયોગમાં વાપરી રૂા.૬૦,૩૫૧/– આપી બાકીના માલના સાહેદ નંબર.૩, ૪ પાસે ચેકો લખાવેલ જે ચેકો આરોપીને ફરીયાદી સાથે લેવડ – દેવડ પતી ગયેલ છે તેવું સોદોને જણાવી સાહેદ નં.૩, ૪ નાએ પોતાના ખાતામાં બેલેન્સ નહીં હોવાનું આરોપીને જાણ કરવા છતાં સાહેદોએ ચેકો પરત નહીં આપી તેજ ચેકો રૂા.૩૩,૪૦૦/– ખોટા ચેકો ફરીયાદીને આપતા ફરીયાદીએ પોતાના એકાઉન્ટમાં ભરતા બેલેન્સ નહીં હોઈ આરોપીના સામેલ ચેકો પરત આવતા ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરી ઈ.પી. કોડની કલમ–૪૦૬ ૪૨૦ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

: ૨ : છેવટનો હુકમ શું?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

: ૧ : નકારાત્મક.

: ૨ : આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત નિર્ણયોના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

**–: કા ર ણો :–**

**મુદ્દા નં.૧. :–**

(૮) આ કામે સાહેદ કૌશિકભાઈ કૃષ્ણશંકર પંડયાને ફરીયાદપક્ષે સોગંદ ઉપર તપાસેલા છે જેઓનો પુરાવો ધ્યાને લેતા, ૧૯૯૫ ની સાલમાં તેઓ વિજય કો.ઓ. બેંક અસારવા શાખામાં જુનીયર ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા તે વખતે તેઓએ કોઈ એકાઉન્ટ ધારકના ચેકો પરત કરેલ કે કેમ તે હાલ તેઓને યાદ નથી. જે તે વખતે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

– સદર સાહેદની સોગંદ ઉપરની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન મળતુ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

(૯) આ કામે રેકર્ડ જોતા આ કામના આરોપીને અત્રેની અદાલત ધ્વારા અવાર–નવાર સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ પરંતુ તેઓ મળી આવેલ ન હોય સદર કેસની કાર્યવાહી તેઓની ગેરહાજરીમાં આગળ ચલાવવામાં આવેલ છે. વધુમાં આ કામના ફરીયાદીને અત્રેની અદાલત ધ્વારા અવાર–નવાર સમન્સ/ વોરંટ કાઢવામાં આવતા તેઓ મળી આવતા ન હોય તેઓની જુબાની રેકર્ડ થઈ શકેલ ન હોય ફરીયાદપક્ષના કેસને મરણતોલ ફટકો પડેલ છે.

(૧૦) આ કામે ફરીયાદપક્ષના અન્ય સાહેદોને ફરીયાદમાં જણાવેલ સરનામે વારંવાર સમન્સ/વોરંટ કાઢવા છતાં સાહેદો મળી આવતા ન

હોય સાહેદોને આ કામે તપાસી શકાયેલ નથી. વધુમાં સદર કામનું સમગ્ર રેકર્ડ જોતા આ કામના ફરીયાદી પણ મળી આવતા ન હોય તેમજ અન્ય સાહેદોને અત્રે અદાલત ધ્વારા અવાર–નવાર સાહેદ સમન્સો કરવામાં આવેલ જે જણાવેલ સરનામે રહેતા નહીં હોવાના શેરા સાથે સમન્સો પરત ફરેલ છે. વળી, સદર ગુનાની તપાસ કરનાર અમલદારને પણ સમન્સ ઈસ્યુ કરવામાં આવતા તેઓ પણ મળી નહીં આવતા તેઓની જુબાની રેકર્ડ થઈ શકેલ નથી. આમ, અત્રે અદાલત ધ્વારા ફરીયાદી તેમજ સાહેદોની સોગંદ પરની જુબાની રેકર્ડ કરવા પુરતા અને વ્યાજબી પ્રયત્નો કરવામાં આવેલ હોવા છતાં ફરીયાદપક્ષ તેઓને હાજર રખાવી તેઓનો પુરાવો રેકર્ડ કરવામાં નિષ્ફળ નીવડેલા છે અને આમ, ફરીયાદપક્ષના કેસને મરણતોલ ફટકો પડેલ છે. વધુમાં રેકર્ડ ધ્યાને લેતા આ કામે તપાસવામાં આવેલ એકમાત્ર સાહેદની સોગંદ ઉપરની જુબાનીથી પણ ફરીયાદપક્ષના કેસને બીલકુલ સમર્થન પ્રાપ્ત થયેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. વળી, સદર કેસ આશરે ૨૯ વર્ષ જુનુ હોઈ, તેમજ વળી, આ કામના અન્ય સાહેદો મળી આવતા ન હોઈ, સદર કેસ એ જ સ્થિતીમાં મુકી રાખવાથી ન્યાયનો હેતુ સરે તેમ ન હોઈ તેમજ વળી, ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. આમ, ઉપરોકત રજુ પુરાવો તથા પુરાવાનું કરેલ મુલ્યાંકન અને આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામાંના આક્ષેપીત કલમોના આવશ્યક તત્વો અને કાનુની જોગવાઈઓ ધ્યાને લેતા આ કામના આરોપીએ તા.૨૦/૦૫/૧૯૯૪ થી ૨૮/૦૮/૧૯૯૪ સુધીના સમયગાળામાં ફરીયાદીની સાંકળી શેરી માણેક ચોકમાં ઓફીસે આવી ફરીયાદીને રૂા. ૯૩,૭૫૧/– નો એકીસાથે કેમીકલ્સના માલનો ઓર્ડર આપી માલ લઈ જઈ પોતાના ઉપયોગમાં વાપરી રૂા.૬૦,૩૫૧/– આપી બાકીના માલના સાહેદ નં.૩, ૪ પાસે ચેકો લખાવેલ જે ચેકો આરોપીને ફરીયાદી સાથે લેવડ–દેવડ પતી ગયેલ છે તેવું સાહેદોને જણાવી સાહેદ નં.૩, ૪ નાએ પોતાના ખાતામાં બેલેન્સ નહીં

હોવાનું આરોપીને જાણ કરવા છતાં સાહેદોએ ચેકો પરત નહીં આપી તેજ ચેકો રૂા.૩૩,૪૦૦/– ખોટા ચેકો ફરીયાદીને આપતા ફરીયાદીએ પોતાના એકાઉન્ટમાં ભરતા બેલેન્સ નહીં હોઈ આરોપીના સામેલ ચેકો પરત આવતા ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરેલાનું શંકારહિત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.ર. પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુ ક મ</u> :–**

આરોપી ગોવિંદભાઈ જોઈતારામ પટેલ, રહે. ૪/ર, બીમાનગર, સેટેલાઈટ રોડ, સેટેલાઈટ પો.સ્ટે. સામે, અમદાવાદ નાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–ર૪૮(૧) અન્વયે ઈ.પી. કોડની કલમ–૪૦૬, ૪ર૦ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧ર મી માહે જુન, સને ર૦ર૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાં ચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧ર/૦૬/ર૦ર૫.

(દિપક જેઠાભાઈ પરમાર)
ત્રીજા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૭, અમદાવાદ શહેર.
**(GJ00879)**

KGHOTWANI23/8-6/73